## સાબરકાંઠા જિલ્લાની ૭ વિધાન બઠકોની ચૂંટણીના સમીકરણો

# હિંમતનગરમાં ભાજપ માટે કપરા ચઢાણ, ઈડર-મોડાસા પર કસમકસ જંગ

## ખેડબ્રહ્મા, ભિલોડા, બાયડ અને પ્રાંતિજ બેઠકો જીતવા માટે કોંગ્રેસને ઉજળી તક

હિંમતનગર, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના ૧૫ લાખ જેટલા મતદારો ધરાવતી ૭ બેઠકો ઉપર ભાજપ-કોગ્રેસ વચ્ચે ખરાખરીનો જંગ જામનાર છે. ગત વિધાનસભાની ૮ બેઠકો પૈકી પાંચ ભાજપને અને ૩ બેઠકો કોગ્રેસને મળી હતી. આ વખતે નવા સિમાંકનમાં એક બેઠક ઓછી થઈ છે. આ વખતની ચૂંટણીમાં ૩ અનામત બેઠકો ઈડર(એસ.સી), ખેડબ્રહમા અને ભિલોડા(એસ.ટી)બેઠકોને બાદ કરતાં હિંમતનગર, પ્રાંતિજ, મોડાસા અને બાયડ બેઠક ઉપર જ્ઞાતિવાદના સમીકરણો ઉપર ચૂંટણી લડાશે તેવા સ્પષ્ટ સંકેતો મળી રહયા છે. કોગ્રેસ આ બેઠકો ઉપર ક્ષત્રિય મતોનું પ્રભુત્વ જોતાં ૪ બેઠકો ઉપર ભાજપ સામે ક્ષત્રિય ઉમેદવારોને મેદાનમાં ઉતારાર્યા છે. હિંમતનગર બેઠક ઉપર ભાજપના ઉમેદાવર ગૃહ મંત્રી સામે કોગ્રેસે ભાજપના જ પૂર્વ મંત્રી રણજીતસિંહ ચાવડાના પુત્ર રાન્જેન્દ સિંહ ચાવડાને ભીડાવી ભાજપની ઉંઘ હરામ કરી દીધી છે. વિધાનસભાની ૭ બેઠકોના સમિકરણો જોઈએ તો

હિંમતનગર : આ બેઠક ઉપર કુલ ૨,૧૬,૯૪૮ મતદારો છે. તે પૈકી ૭૦ હજાર ક્ષત્રિય, ૩૫ હજાર પટેલ, ૪૨ હજાર મુસ્લિમ, ૩૪ હજાર દલિત અને ૫૦ હજાર જેટલા અન્ય મતદારો છે. ગત વિધાનસભામાં આ બેઠક ઉપરથી કોગ્રેસના સી.કે. પટેલને હરાવી ભાજપના પ્રફુલ પટેલ ૭ હજાર જેટલા મતોની સરસાઈથી ચૂંટાઈ આવ્યા હતા. અને તેમને રાજય ગૃહ મંત્રીનું પદ મળ્યુ હતું આ વખતે પણ ભાજપે તેમને રીપીટ કર્યા છે.તેમની સામે કોગ્રેસે મજબુત ક્ષત્રિય ઉમેદવાર રાજેન્દસિંહ ચાવડાને મેદાનમાં ઉતારર્યા છે. જેને લઈ ચૂંટણી ભારે રસાકસી ભરી બનવા પામી છે. ભાજપ માટે આ બેઠક ઉપર કપરા ચઢાણ છે.

ઈડર : એસ.સી માટેની આ બેઠક ઉપરથી છેલ્લી ૪ ટર્મથી શિક્ષણમંત્રી રમણલાલ વોરા ચૂંટાઈ આવે છે. કોગ્રેસે આ વખતે તેમની સામે સ્થાનિક ઉમેદવાર રામભાઈ સોલંકીને મેદાનમાં ઉતારર્યા છે. ૭૫ હજાર ક્ષત્રિય,૫૬ હજાર પટેલ,૩૬ હજાર મુસ્લિમ અને ૩૫ હજાર દલિત મતદારોનું સંખ્યાબળ ધરાવતી આ બેઠક ઉપર રસાકસી થશે. પરંતુ ભાજપ માટે આ એક માત્ર બેઠક ઉપર ઉજળી તકો જણાઈ રહી છે.

ખેડબ્રહમા : કોગ્રેસના ગઢ સમી આ બેઠક ઉપરથી ગત વિધાનસભામાં કોગ્રેસના અશ્વિન કોટવાલ ભારે સરસાઈથી વિજય બન્યા હતા. આ વખતે પણ કોગ્રેસે તેમને રીપીટ કર્યા છે. ભાજપે તેમની સામે તાલુકા પંચાયતના પ્રમુખ ભોજાભાઈ મકવાણાને જંગમાં ઉતારર્યા છે. ખેડબ્રહમાનું વિભાજન કરી પોશીના તાલુકો બનાવવાની નરેન્દ્રમોદીએ જાહેરાત કરી છે. ત્યારે આ વિસ્તારના મતદારો ઉપર તેની શુ અસર થાય છે તે જોવુ રહયું ? હાલ તો આ બેઠક અગાઉની જેમ જંગી મતોથી જીતવા માટે કોગ્રેસ આશાવાદી છે.

ભિલોડા : નવા સિમાંકનમાં આ બેઠક એસ.ટી અનામત થઈ છે. અને આ બેઠક ઉપર મતદારો પણ વધ્યા છે. ૨.૩૮ લાખ મતદારો ધરાવતી આ બેઠક ઉપર ગત વિધાનસભામાં ભાજપાના ઉમેદવાર વિપુલ ચૌધરીને હરાવી કોગ્રેસના ડાૅ. અનિલ જોષીયારા વિજયી બન્યા હતા. આ વખતે પણ કોગ્રેસે તેમને રીપીટ કર્યા છે. તેમની સામે ભાજપે મહિલા ઉમેદવાર નિલાબેન મોડીયાને મેદાનમાં ઉતારર્યા છે. કોગ્રેસના પ્રભુત્વ વાળા મેધરજ તાલુકા ૯૨ હજાર જેટલા મતો આ બેઠક ઉપર ઉમેરાયા છે. તે કોગ્રેસ માટે આસાન થયુ છે.

બાયડ : ૨.૧૫ લાખ મતદારો ધરાવતી આ બેઠક ઉપર ૮૫ હજાર ક્ષત્રિય અને ૫૦ હજાર જેટલા પટેલ મતદારો છે. ગત વિધાનસભામાં ભાજપના ઉમેદવાર ઉદેસિંહ ઝાલા પાતળી સરસાઈથી વિજયી બન્યા હતા. આ વખતે પણ ભાજપે ફરી તેમને પસંદ કર્યા છે. તેમની સામે કોગ્રેસે ઈલેકશન કેમ્પેઈન કમિટિના અધ્યક્ષ અને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાધેલાના પુત્ર ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાધેલાને મેદાનમાં ઉતારર્યા છે. આ બેઠક ઉપર ભાજપ- કોગ્રેસ વચ્ચે સીધી ટકકર છે ત્યારે કોગ્રેસ માટે જીત આસાન હોવાનું જણાઈ રહયુ છે.

મોડાસા : ભાજપના ગઢ સમી આ બેઠક ઉપરથી છેલ્લી ચાર ટર્મીથી ભાજપના દિલીપસિંહ પરમાર ચૂંટાઈ આવે છે. આ વખતે પણ ભાજપે તેમને રીપીટ કર્યા છે. ક્ષત્રિય અને મુસ્લિમ મતોના પ્રભુત્વ વાળી આ બેઠક ઉપર આ વખતે કોગ્રેસે પણ ક્ષત્રિય ઉમેદવારને ટીકીટ આપતાં આ બેઠક ઉપર ભારે રસાકસી ભર્યો જંગ જામનાર છે. ૨૫ હજાર જેટલા ચૌધરી પટેલ મતદારો આ વખતે નિર્ણાયક રહેશે આદિવાસી,રબારી સહિત અન્ય ઈતર મતો ઢળશે તે ઉમેદવારની જીત થશે.

પ્રાંતિજ : રાજય શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણ ગત ચૂંટણીમાં આ બેઠક ઉપરથી વિજય હાંસલ કર્યો હતો આ વખતે પણ ભાજપે તેમને કોગ્રેસના યુવાન ઉમેદવાર મહેન્દ્રસિંહ બારૈયા સામે ફરથી મેદાનમાં ઉતાર્યા છે. કોગ્રેસના ઉમેદવારના રાજકીય ગુરૂ ગણાતા પૂર્વ મંત્રી વી.ડી. ઝાલા કોગ્રેસ સાથે છેડો ફાડી ભાજપમાં જોડાયા છે ત્યારે આ બેઠક ઉપરના સમિકરણો બદલાયા છે. છતાં આ બેઠક જીતવી ભાજપ માટે આસાન નથી.



# પ્રાંતિજ તાલુકાના બોરીયા સીતવાડામાં દબાણ હટાવાયું

### ૬૦ ફુટનો રસ્તો ૧૫ ફુટનો થઈ જતા તંત્ર દ્વારા દબાણ હટાવીને ખુલ્લો કરાવાયો



(તસવીર : સંજય રાવલ)

પ્રાંતિજ, તા. ૯

સાબરકાઠાં જિલ્લાના પ્રાંતિજ તાલુકાના બોરીયા સીતવાડામાં જાહેર માર્ગો પર છેલ્લા કેટલાક સમયથી દબાણથી રસ્તો સાંકડો બની ગયો હતો. જેથી નવીન પેવર કરવાની સાથે તંત્રે જૂના દબાણો પણ દુર કર્યા હતા.

મળતી માહિતી મુજબ બોરીયા સીતવાડામાં વારંવાર તંત્રને લેખીત તેમજ મૌખિક રજૂઆતો છતાં દબાણ દૂર કરવામાં આવતા નહતાં. જ્યારે આ માર્ગ ઉપર અવાર-નવાર અકસ્માતોનો ભય રહેતો અને કેટલીક વાર નાના-મોટા વાહન ચાલકો અથડાઈ જવાના પણ બનાવ બન્યા હતા. જેથી બોરીયાથી મજરા સુધીના માર્ગને અને ગામની અંદર સાઈડે જે.સી.બી. દ્વારા દબાણો દુર કરવામાં આવ્યા હતા. પરંતુ ગામજનોએ હોબાળો મચાવ્યો હતો. પણ ગામના સરપંચની મીલકતસિંહ રાઠોડ, તાલુકા સદસ્ય કે.જી. રાઠોડ, વી.આર. રાઠોડ, ગામજનોને સમજાવીને મામલો થાળે પાડ્યો હતો. અને ૬૦ ફુટનો પંચાયતના રેકોર્ડ પ્રમાણે બોલતો રોડ ૧૫ ફુટ થતાં તંત્ર દ્વારા ખુલ્લો કરવામાં આવ્યો હતો.

## હું રસ્તે રઝળતી વારતા

(પાના નં. ૨ નું ચાલુ)

કેટલાક દલાલો ઉત્તર કર્ણાટકમાંથી છોકરીઓને લાવીને સૌથી વધુ ભાવ આપનાર રાજસ્થાની પુરૂષોને આ છોકરીઓ વેચે છે. કર્ણાટકની સ્થાનિક સ્વૈચ્છિક સંસ્થાઓ અનુસાર એજન્ટો ગરીબ પરિવારોની કુંવારી કન્યાઓ અને છોકરીઓ પર નજર રાખે છે. અને તેમને રાજસ્થાન અને ઉત્તર ભારતનાં અન્ય રાજ્યોમાંના પુરૂષો સાથે પરણાવી દે છે. વરરાજાઓ એજન્ટોને મોટી રકમ ચૂકવે છે. પરંતુ છોકરીઓના પરિવારોને તેમની છોકરીઓ ક્યાં છે તેની પણ ખબર હોતી નથી એટલે તેઓ છોકરી ગુમ થયાની ફરિયાદ નોંધાવે છે, જો કે, કેટલાક ગરીબ પરિવારો રકમ લઇને તેમની પુત્રીને લગ્ન માટે આપી દે છે. કેટલીક છોકરીઓ થોડા સમય પછી વતન પાછી ફરે છે, કારણ કે તેમને રોગ થયો હોય છે અથવા તેમના કહેવાતા પતિઓ તેમને ત્યજી દેતા હોય છે. કેટલાક તો ઉપભોગ બાદ આ છોકરીઓને વેશ્યાગૃહોને વેચી મારે છે.

રાજસ્થાન, હરિયાણા અને દિલ્હીમાં સક્રીય ગુનેગાર ટોળકીઓ ઓરિસ્સા, પશ્ચિમ બંગાળ, બિહાર અને આસામ જેવા રાજ્યોમાંથી છોકરીઓનું અપહરણ કરે છે અથવા તેમનાં માબાપ પાસેથી ખરીદે છે આ છોકરીઓને વેશ્યાવૃત્તિની ફરજ પડાય છે. અમુક રાજયોમાં વાલીઓ તેમની પુત્રીઓને રૂા. વીસ હજારથી રૂા. પચાસ હજારમાં વેંચે છે. તાજેતરમાં રાજસ્થાનના ચિત્તોડગઢ જિલ્લામાં ચોંકાવનારો બનાવ નોંધાયો હતો. ૧૭ વર્ષની એક છોકરીનાં લગ્ન ભડસોડા નજીકના ગામમાં રહેતાં મદનકુમાર સાથે થયા હતા. લગ્ન બાદ તરત જ આ છોકરી ગાયબ થઇ ગઇ હતી. છોકરીના પરિવારે ફરિયાદ નોંધાવતાં પોલીસે તપાસ કરી હતી. તપાસ દરમિયાન એવું બહાર આવ્યું હતું કે મદને તેની પત્નીને નજીકનાં ગામમાં રહેતાં રતનલાલને રૂા. ૩.૫ લાખમાં વેંચી નાંખી હતી.

સંદર્ભ : 'ગુજરાત ગાર્ડીયન'ની 'વુમન પૂર્તિ'નાં આધારે

## કાંકરેજના માનપુરમાં ભાજપની સભા યોજાઈ

કાંકરેજ, તા.૯

કાંકરેજ તાલુકાના માનપુર ખાતે આજે શિહોરી ગ્રામજનો દ્વારા ભવ્ય જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કાંકરેજ વિધાનસભા ભાજપના ઉમેદવાર કીર્તિસિંહ વાઘેલાનું સ્વાગત કરી હોંશભેર વધાવ્યા હતા અને વિજયના આશીર્વચન આપ્યા હતા.

માનપુર ખાતે યોજાયેલ આ જાહેર સભામાં ભાજપના ઉમેદવાર એવા કીર્તિસિંહ વાઘેલાએ જનમેદનીને સંબોધી ગુજરાત સરકારના વિકાસ કામોની ભરપુર પ્રસંશા કરી હતી અને યુવાનોને તેમજ કાર્યકરોને કામે લાગી જવા અનુરોધ કર્યો હતો. આ પ્રસંગે સામાજીક કાર્યકર રણુભા વાઘેલા, નેમાજી વાઘેલા, રેખુભા વાઘેલા, જી.બી. વાઘેલા, પુનુભા, વિનુભા, વિજુભા, ચિતુજી ઠાકોર સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## પ્રાંતિજ રેડીમેઈડ અને ક્લૉથ મરચન્ટ એસો.ના હોદ્દેદારો વરાયા

પ્રાંતિજ, તા. ૯

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના રેડીમેઈડ એન્ડ કલોથ મરચન્ટ એસોશીએશનના વેપારી મિત્રોની જનરલ સભા તા. ૭ ડિસેમ્બરના રોજ દશામાતા વાડી ખાતે મળતાં નવા વર્ષના તમામ હોદેદારોની સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ પદે સતત સાતમી ટર્મમાં પ્રાંતિજના જાણીતા વેપારી અગ્રણી દિલીપભી એમ. કોઠારીની વરણી થયેલ છે. જયારે ઉપ પ્રમુખ પદે વિક્રમભાઈ શાહ, મંત્રી પરેશભાઈ શાહ, સહમંત્રી જયંતિભાઈ જૈન અને ખજાનચી પદે રમેશભાઈ ભાવસારની વરણી કરવામાં આવેલ હતી.

# તલોદમાં નકલી સોના-ચાંદીના દાગીના વેચતી ગેંગ સક્રીય

તલોદ, તા.૯

સોના-ચાંદીના દાગીના વેચનાર વેપારીને ત્યાં દાગીના ખરીદ કરવા જતો ગ્રાહક હંમેશા સોના-ચાંદીની ગુણવત્તા બાબતે સંશય સાથે ચિવટભરી તપાસનો આગ્રહ રાખતો હોય છે. આ એક હકીકત છે. બીજી તરફ સાબરકાંઠા જિલ્લામાં એક વરવી વાસ્તવિકતા સપાટી ઉપર તરી આવી છે. જિલ્લાના તલોદ સહિતના વેપારી મથકોએ બનેલા કેટલાક બનાવોને કારણે અહીં ઉલટું થવા પામ્યું છે. જેમાં સોના ચાંદીના વેપારીને ત્યાં નકલી ચાંદીના દાગીના વેચતી ટોળકી સક્રિય થઈ હોવાની બુમરાણ ઉઠવા પામી છે. પરિણામે કોઈક લબરમૂછિયો કે કોઈક મહિલા પોતાને ત્યાં બનાવટી નકલી ચાંદીના દાગીના તો નહિ વેચી જાય ને? તેવો ફફડાટ સોની વેપારીઓમાં વ્યાપક પણે ફેલાવા પામ્યો છે. તાજેતરમાં દિવાળી બાદ આવા સંદર્ભના કેટલાક બનાવો જિલ્લાના તલોદ સહિતના અનેક વેપારી મથકો ખાતે બન્યા હોવાનું જાણવા મળેલ છે જેમાં અસલી સોની વેપારીને કોઈ અજાણ્યો એકલ દોકલ ઈસમ નકલી ચાંદીના દાગીના પધરાવી જતો હોવાનું જાણવા મળેલ છે. તલોદના સોના ચાંદીના કેટલાક વેપારીઓ આવા ચાલબાજ તરકટી ઈસમોના તરકટનો ભોગ બન્યા હોવાનું ટોક ઓફ ધી ટાઉન બન્યું છે.

આવું જ કંઈક તલોદમાં છેલ્લા કેટલાક સમયથી બનતું હોવાનું જાણવા મળેલ છે. જે અરસામાં તલોદ પોલીસને કોઈકે બાતમી આપી હતી કે તલોદ બજારમાં બજાજ પ્લેટીના બાઈક નં. જીજે૧૮ સીબી ૬૮૯ નંબરનું લઈને એક છોકરો આવેલ છે જે ચાંદીના ડુપ્લીકેટ દાગીના લાવીને વેચાણ કરે છે અને સોનીઓ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કરે છે. આ બાતમી આધારે તલોદ પોલીસ સ્ટેશનના હે. કોન્સ. વિઠ્ઠલભાઈ દેસાઈ, હે. કોન્સ. કરમશીભાઈ, પો. કોન્સ. જે.પી. મેવાડા અને પો. કોન્સ, બૈજુ સુરેશલાલની બનેલી પેટ્રોલીંગ કરતી ટુકડીએ તલોદ ટાવર ચોક વિસ્તારમાં કથિત વોચ ગોઠવી હતી. જે દરમિયાન બાતમી મુજબના બાઈક ઉપર એક ટિન એજર છોકરો આવી ચડયો હતો જેનું નામ વિક્રમસિંહ કાનાજી પરમાર ઉ.વ.૧૯ રહે. બિલમણા તા. દહેગામ જિ. ગાંધીનગરનો હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેની ઝડતી તપાસ કરતાં તેની પાસેથી સફેદ ધાતુની ચાંદી જેવી લકી નંગ-૨, સફેદ ધાતુની ચાંદી જેવો સાંકળી ભાતનો દોરો અને રૂ. ૧૦૦૦, રૂ. ૫૦૦, રૂ. ૧૦૦ અને રૂ. ૫૦ના મૂલ્યની ચલણી નોટો તથા એક મોબાઈલ ફોન મળી આવ્યો હતો. બાઈક અને મુદ્દામાલના આધાર પુરાવા જે તે સમયે રજૂ ન કરી શકતા પોલીસે રૂ. ૫૦,૩૦૦નો મુદ્દામાલ કબજે કરી વિક્રમની સીઆરપીસી કલમ ૪૧ (૧) ડી મુજબ અટક કરી કાયદેસરની કાર્યવાહી જારી રાખેલ છે.

દિવાળી બાદ તલોદ અને તલોદ-ધનસુરા માર્ગ ઉપરના પટા સાથે જોડાયેલા ગામોમાં બનાવટી ચાંદી વેચતી ગેંગ સક્રીય થઈ હોવાની આશંકા સેવાઈ રહી છે. જેમાં ભલભલા ચબરાક સોની વેપારીઓ પણ ગોથાં ખાઈ ગયા છે જેઓ બનાવટી ચાંદી ખરીદીને પસ્તાવાનો ભોગ બન્યા છે.



હિંમતનગર પટણી સુન્ની જમાત કૌમે બવાહિર દ્વારા ૬૮માં સમુહ લગ્નોત્સવનુ આયોજન કરવામાં આવ્યુ હતુ જેમાં ૫૮ નવ દંપતિઓએ નિકાહ પઢી પ્રભુતામાં પગલા માડયા હતા. આ પ્રસંગે યોજાયેલ સમારોહમાં પૂર્વ મંત્રી રણજીતસિંહ ચાવડા, કોગ્રેસના અગ્રણી ગોપાલસિંહ રાઠોડ,અજમેર શરીફના ગાદીનશીન જીનુલ આબેદીન સાહેબ, ડાૅ. એમ.એમ. સુરતી, ડાૅ.એ.એ. મેમણ સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહી નવ દંપતિઓને આર્શિવાદ આપ્યા હતા. (તસ્વીર : મગન વણજારા,હિંમતનગર )

## શબ્દ સમીપે

(પાના નં. ૨ નું ચાલુ)

ગુજરાતના વિકાસની આ ગૌરવગાથાના લેખક દિનેશ દેસાઇ એક જાણીતા પત્રકાર અને સાહિત્યકાર છે. તેઓએ વિવિધ પ્રશિષ્ટ સાહિત્ય સામયિકો માટે લખેલા ૬૫૦ થી વધુ પુસ્તક અવલોકન-સમીક્ષા લેખ પ્રગટ થયા છે. તેઓની લેખન શૈલી રસાળ, લોકભોગ્ય અને આસ્વાદ્ય છે. અનેક પ્રથિત યશ ગુજરાતી સર્જકો-વિવેચકો એ એમની કલમને પ્રમાણી બિરદાવી છે.

'ગ્રેટ ગુજરાત, ગ્લોબલ ગુજરાત' પુસ્તકમાં વ્યક્ત થયેલી તવારીખથી આપણને પોરસ ચડે, આપણી છાતી ગજ ગજ ફૂલે તો સમજવું કે આપણે સાચા 'ગુજરાતી' છીએ. આ પુસ્તકની પ્રસ્તાવના જાણીતા સાહિત્યકાર રોહિત શાહે લખી છે. અને જેમની આર્ધસતાબ્દી (૧૫૦મી જન્મ જયંતિ) ઉજવાઇ રહી છે. એવા યુગદૃષ્ટા મહામાનવી સ્વામી વિવેકાનંદને લેખકે આ પુસ્તક અર્પણ કર્યું છે.

સંસ્કાર સાહિત્ય મંદિર અમદાવાદ દ્વારા પ્રગટ થયેલ આ પુસ્તક ગુજરાતના વિવિધ આયામી વિકાસની ગૌરવગાથા સમાન છે. આવું સુંદર આયામી વિકાસની ગૌરવગાથા સમાન છે. આવું સુંદર પુસ્તક આપવા બદલ લેખક દિનેશ દેસાઈને ધન્યવાદ પાઠવું છું.

**Great ગુજરાત, Global ગુજરાત**

**લેખક - દિનેશ દેસાઇ**

**પ્રકાશક - સંસ્કાર સાહિત્ય મંદિર, આંબાવાડી, અમદાવાદ.**

**પૃષ્ઠ - ૨૦૮, કિંમત - રૂા. ૨૫૦/-, પ્રથમ આવૃત્તિ, ૨૦૧૨**